Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

4

# બનાસકાંઠાનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો

**નિધી સથવારા**

રીસર્ચ સ્કોલર, ઈતિહાસ વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**સારાંશ**

ગુજરાતના ઉત્તરપૂર્વમાં 23033’ થી 24045’ ઉત્તર અક્ષાંશ અને 71003’ થી 73002’ પૂર્વ રેખાંશ વચ્ચે વિસ્તરેલો બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, વડગામ, ડિસા, કાંકરેજ, ધાનેરા, દાંતીવાડા, અમીરગઢ, વાવ, થરાદ, દાંતા, સૂઈગામ, દિયોદર, ભાભર અને લાખણી એમ કુલ 14 તાલુકાઓ આવેલા છે. અહી સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો પણ મળી આવ્યા છે અને મોર્ય, ગુપ્ત, શક, ક્ષત્રપ, સોલંકી, વાઘેલા, મુઘલ, મરાઠા, વગેરે યુગ પણ બનાસકાંઠાએ જોયા છે. આ વિવિધ યુગોમાં બનાસકાંઠામાં ઐતિહાસિક સ્મારકોનું નિર્માણ થયેલુ પણ જોવા મળે છે. બનાસકાંઠા જિલ્લાનું નામકરણ બનાસ નદીના નામ ઉપરથી પડેલ છે. આ વિસ્તારમાંથી પ્રાગૈતિહાસિક કાળના દરિયાઇ જીવોનાં અત્યંત દુર્લભ અવશેષો મળી આવ્યા. આ અવશેષો 150 લાખ વર્ષ પૂર્વે કેવોલીયન-જ્યુરેસીકકાળના ઉત્તર ભાગમાં હયાત એવા કરોડરજ્જુ વિનાના “ઓફીયરોઈડસ” નામના દરિયાઇ જીવોના અશ્મિઓ છે, લોકો અને લોકસંસ્કૃતિ છે, આદિવાસી સંસ્કૃતિ છે, કૃષિ યુનિવર્સિટી, બનાસડેરી અને લોકમેળાઓ બનાસકાંઠાની સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. તેથી, બનાસકાંઠાનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો જાણવા તથા પ્રજાને તેના પ્રત્યે જાગૃત કરવા પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** બનાસકાંઠા જિલ્લો, ઐતિહાસિક, લોકસંસ્કૃતિ, આદિવાસી સંસ્કૃતિ, કૃષિ યુનિવર્સિટી, બનાસડેરી, લોકમેળાઓ

## 1. પ્રસ્તાવના

બનાસકાંઠા જિલ્લો ગુજરાત રાજ્યના તેત્રીસ જિલ્લાઓ પૈકીનો એક છે. જિલ્લાનું વહીવટી મથક પાલનપુર ખાતે આવેલ છે જે તેનું સૌથી મોટું શહેર છે. આ જિલ્લો ગુજરાતના ઉત્તરપૂર્વમાં 23°33′ થી 24°45′ ઉત્તર અક્ષાંશ અને 71°03′ થી 73°02′ પૂર્વ રેખાંશ વચ્ચે વિસ્તરેલો છે. જે 12703 કિમી વિસ્તારને આવરી લેતા રાજ્યનો બીજો સૌથી મોટો જિલ્લો ગણાય છે. બનાસકાંઠાનું નામ સંભવતઃ પશ્ચિમ બનાસ નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે જે માઉન્ટ આબુ અને અરવલ્લી પર્વતમાળા વચ્ચેની ખીણમાંથી પસાર થાય છે, જે આ પ્રદેશમાં ગુજરાતના મેદાનોમાં અને કચ્છના રણ તરફ વહે છે. આ જિલ્લો અંબાજી મંદિર માટે પ્રખ્યાત છે જે ઘણા પ્રવાસીઓને આકર્ષે છે.

હાલની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, વડગામ, ડિસા, કાંકરેજ, ધાનેરા, દાંતીવાડા, અમીરગઢ, વાવ, થરાદ, દાંતા, સૂઈગામ, દિયોદર, ભાભર અને લાખણી એમ કુલ 14 તાલુકાઓ આવેલા છે, આ બાર તાલુકાઓમાં 1250થી પણ વધુ ગામો આવેલા છે. આ બનાસકાંઠા જિલ્લો ઘણો જ પ્રાચીન માનવામાં આવે છે, એના પ્રાચીન અવશેષોના પુરાવાથી આ વિસ્તારમાં પહેલા દરિયો હતો તેવી જાણ થાય છે. આજની બનાસ નદીને પણ પર્ણાશા નદીના નામથી ઓળખવામાં આવતી હતી. અહી સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો પણ મળી આવ્યા છે અને મોર્ય, ગુપ્ત, શક, ક્ષત્રપ, સોલંકી, વાઘેલા, મુઘલ, મરાઠા, વગેરે યુગ પણ બનાસકાંઠાએ જોયા છે.

## 2. નામાભિકરણ

બનાસકાંઠા જિલ્લાનું નામકરણ બનાસ નદીના નામ ઉપરથી પડેલ છે. પુરાણો તથા મહાભારત જેવા ગ્રંથોમાં બનાસકાંઠાના વિવિધ નામો મળી આવે છે, જેમકેઃ અરૂણ, બાણા, વલજા, બાણાનાશ, અર્ણનાશા, અર્ણાશા, સુલોચના, સુવરા, શિવકામધુક વગેરે.

પુરાણો તથા મહાભારતમાં 'અર્ણાશા' માટે 'પર્ણાશા' શબ્દ વપરાયો છે. ભીષ્મ પર્વમાં એ પૂર્ણાશા અને પાઠાંતરથી 'પર્ણાશા' તરીકે ઓળખાઈ. નામના અર્થ પ્રમાણે એ વિસ્તારમાં પાણીની અને અન્નની 'પૂર્ણઆશા' એ નદી પાસેથી પ્રાપ્ત થતાં આવું નામ મળ્યું હોય, એ સ્વાભાવિક છે.

વાયુપુરાણ અને મત્સ્યપુરાણમાં આ નદીઓ ઉલ્લેખ 'વર્ણાશા' તરીકે થયેલો છે અને બ્રહ્મપુરાણમાં તેને 'વણયો' કહી છે. 'પર્ણાશા'નો એક અર્થ 'પાંદડાની આશા' શ્રી કાળે કરે છે. એટલે કે વૃક્ષો તથા પર્ણો બારેમાસ એના પ્રવાહથી પરિપલ્લવિત બનતા હશે.

### 3. બનાસકાંઠાનો પુરાતન વારસો

પ્રાચીન સમયમાં અહી દરિયો હતો જો કે આ વાત પ્રથમ વખત વાચતા નવાઈ લાગે પણ આ બાબતને સમર્થન આપતા અનેક પુરાવાઓ અહી મળી આવે છે. થોડા સમય અગાઉ ભારતનાં જિઓલોજીકલ સર્વેના સેન્ટ્રલ પેલિઓન્ટોલો વિભાગને સૌપ્રથમ કચ્છના રણની બાહ્ય સરહદનાં વિસ્તારમાંથી પ્રાગૈતિહાસિક કાળના દરિયાઇ જીવોનાં અત્યંત દુર્લભ અવશેષો મળી આવ્યા. આ અવશેષો 150 લાખ વર્ષ પૂર્વે કેવોલીયન-જ્યુરેસીકકાળના ઉત્તર ભાગમાં હયાત એવા કરોડરજ્જુ વિનાના "ઓફીયરોઇડસ" નામના દરિયાઇ જીવોના અશ્મિઓ છે. કચ્છના રણથી શરૂ કરીને બનાસકાંઠાના રણ સુધીના એટલે કે થરાદ, વાવ, સાંતલપુર, વારાહીનો રણ વિસ્તાર ગણાય. આમ બનાસકાંઠામાં પ્રથમ જીવની શરૂઆત થઇ એમ કહી શકાય.

પુરાતત્વીય રીતે બનાસકાંઠા જિલ્લાનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે અને પ્રાગૈતિહાસિક કાળથી માંડીને ઐતિહાસિક કાળ સુધીનાં ઘણા અવશેષો મળી આવે છે. પાષાણયુગના અવશેષો ડાભેલા પાસે બનાસનદીનાં કિનારાથી, જુના ડીસા, વડાવળ જેવા સ્થળોથી મળી આવે છે. બનાસ નદીનાં કિનારાથી ફ્લેક, બ્લેડ્રેસ, સ્ક્રેપર વગેરે જેવા લઘુ પાષાણકાલીન પથ્થરનાં ઔજારો મળી આવે છે. લઘુ પાષાણકાલીન ખડક આવાસ અમીરગઢ પાસેથી મળી આવે છે. તામ્રપાષાણ સંસ્કૃતિના અવશેષો જેખડા, ભોરોલમાંથી મળે છે. પ્રાગૈતિહાસિક અવશેષો બેણપ, જુના ડીસા, ભારોલ, થરાદમાંથી મળે છે. મધ્યયુગનાં પુરાસ્થળોમાં કોટેશ્વરનું મંદિર જે મૈત્રકકાલીન એટલે કે ઇસુની 7મી સદી દરમિયાનનું છે. ઉપરાંત વડાવળ, કપિલેશ્વર મહાદેવ અને મૂળેશ્વર મહાદેવ આ મંદિરો 10મી સદીનાં છે. ઉપરાંત રામપુરા, હાથીદરા, ગઢડા, ડુંગરાસણમાંથી 11મી સદીનાં અવશેષો મળી આવે છે.

## 4. લોકો અને લોકસંસ્કૃતિ

અરવલ્લી પહાડ વિશ્વનો પ્રાચીન પહાડ છે. તેમાં સૌથી પ્રાચીન આદિવાસી નિવાસ કરે છે. અંબાજી મહાતીર્થ અહીં આવેલું છે. બાલારામ પહાડો, કોતરો, ગાઢ જંગલો અને નિસર્ગ ધામ છે. અંબાજી ને દાંતાના ડુંગરોમાં વાઘ હતા. અત્યારે પણ ચિત્તો, દીપડો જેવા હિંસક પ્રાણીઓ વસે છે. આ જિલ્લો એવો છે કે જેમાં કુદરતનાં દરિયા સિવાયનાં બીજા ઘણાં સ્વરૂપો સમાયેલાં છે. હીરા, આરસની ખાણો, કૃષિની પેદાશો અને બટાકાનું ઉત્પાદન એ આ જિલ્લાવાસીઓના વ્યવસાય છે.

## 5. આદિવાસી સંસ્કૃતિ

બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓ આદિવાસી વિસ્તાર ધરાવતા છે. જો કે જિલ્લામાં અન્યત્ર પણ તેની વસ્તી જોવા મળે છે. દાંતામાં 123 ગામોમાં કુલ 91468 આદિજાતિ વસ્તી છે. જેનો કુલ ભૌગોલિક વિસ્તાર 63994 હેક્ટર છે. તે પૈકી 39649 હેક્ટર જમીન વાવેતર લાયક છે. આજ રીતે અમીરગઢ તાલુકામાં 53 ગામોમાં કુલ 53808 આદિજાતિ વસ્તી છે. જેની કુલ ભૌગોલિક વિસ્તાર 46.833 અને વાવેતર લાયક જમીન 21.003 હેક્ટર છે.

અમીરગઢ તાલુકામાં સાંખલા ગરાસિયાની વસ્તી છે. જેઓની ભાષા ગરાસિયા કહેવાય છે. તેઓ ઘરને ઘેર કહે છે. દાંતા તાલુકામાં ડુંગરી ભીલો વસે છે. જેમની ભાષા ભીલી છે અને તેઓ પોતાના ઘરને ખોલરુ કહે છે.

કલા વિષયક બાબતોની વાત કરીએ તો તેઓની લોકકલા ઘણી જ વિશિષ્ટ અને રસપ્રદ હોય છે. વર્તમાન સમયમાં આદિવાસી પ્રજાની મુખ્ય વિશેષતા એ છે કે તે પોતાની પ્રાચીન પરંપરા જાળવી રાખે છે અને પ્રાચીન પરંપરા મુજબ જ જીવન જીવે છે. તેઓ ભીતચિત્રો, લાકડા-પથ્થરની બનાવટો, સુંદર પ્રતિમાઓ તૈયાર કરતાં હોય છે. ઘઉની કુંડીમાંથી કે વેલામાંથી કાનમાં પહેરવાના ઘરેણા, સળીઓ અને રેશામાંથી ઢીંગલીઓ તૈયાર કરે છે. પહાડોમાં ઊંચેથી નીચે લઈ જઈ પાછુ ઊંચે ખેતરોમાં પાણી ચડાવવાની તેઓની "સારણ પદ્ધતિ" અજોડ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

### 6. કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા

ગુજરાત કૃષિ યુનિવર્સિટીને તા.01-05-2004માંથી ચાર યુનિવર્સિટીઓમાં વિભાજીત કરવામાં આવી. જેમાંથી અલગ સરદાર કૃષિ નગર, દાંતીવાડા કૃષિ આ યુનિવર્સિટી અમલમાં આવી. આ કૃષિ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્રે ઉત્તર ગુજરાત અને ઉત્તર- પશ્ચિમ ગુજરાત ખેત હવામાન વિભાગમાં સમાવિષ્ઠ કુલ છ જિલ્લા છે. યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણનો છે. આ કૃષિ યુનિવર્સિટી 10 મુખ્ય સંશોધન કેન્દ્ર અને 12 પેટા સંશોધન કેન્દ્ર સાથે કાર્યરત છે. વળી અહીં સ્નાતક અનુસ્નાતક કક્ષાના નિવાસી કાર્યક્રમો, કૃષિ શાળાઓ, ગૃહવિજ્ઞાનશાળાઓ, બેકરી શાળા, માળીતાલીમકેન્દ્ર, પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્ર વગેરેનાં ડિપ્લોમાં/પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

### 7. બનાસડેરી

બનાસકાંઠા જિલ્લા વિશે લખાતું હોય અને બનાસડેરીનો ઉલ્લેખ ન કરીએ એ કેમ ચાલે? જિલ્લામાં આવેલ બનાસડેરી ડેરી ઉધોગમાં ઘણી આગળ પડતી મંડળી છે. સને 1966મા રોજ આઠ દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓના 400 લિટર જેટલા સંપાદનથી આદરેલી સફર આજે દૈનિક 21 લાખથી પણ વધુ સંપાદનમાં પરિણમી છે. સને 1971માં દૈનિક 1.5 લાખ લિટર દૂધની પ્રક્રિયા ક્ષમતા ધરાવતી ડેરી કાર્યરત થઈ. ત્યારબાદ ડેરી પ્લાન્ટનું વિસ્તૃતિકરણ કરી દુધની પ્રક્રિયા ક્ષમતા 4 લાખ લિટર પ્રતિદિન કરવામાં આવી હતી જે હાલમાં અને ઘણી વધી ગઇ છે. વળી બનાસડેરીમાં દૂધ બનાવટની ઘણી બનાવટો પણ પ્રોડક્ટ કરવામાં આવે છે. આધુનિક બનાસડેરીનાં આધસ્થાપક શ્રી ગલબાભાઈ પટેલનું સ્વપ્ન આજે સાકાર થયેલું જોઈ શકાય છે.

### 8. બનાસકાંઠાના લોકમેળાઓ

મેળા ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. ગુજરાત અને બનાસકાંઠા તેનાવારસા, લોકજીવન, ઉત્સવો અને અને મેળાઓ અને ભાતીગળઉજવણીઓ માટે સમગ્ર વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે એક ધાર્યા જીવનમાં વૈવિધ્યતા અને ઉત્સાહ ભરવાનું કામ મેળા અને તહેવારો કરે છે. બનાસકાંઠાના મેળા આગવી પરંપરાઓ ધરાવે છે. દરેક ઉજવણી નું આગવું મહત્વ છે. ઉજવાતા મેળા સાથે ઇતિહાસ અને માન્યતાઓજોડાયેલી હોય છે. બનાસકાંઠામાં ભરાતા વિવિધ મેળાઓ વિશે જાણીએ.

- **ભાદરવી પૂનમનો મેળો અંબાજી :** ભારતના સૌથી મોટા ધાર્મિક મેળાઓમાં ગણાય છે.ભાદરવા સુદ અગિયારસ થી પુનમ સુધીનો હોય છેલોકો દૂર દૂરથી પગપાળા માતાના દર્શનેઆવે છે .જેમાં રથ લઈને કે દંતવત કરતા કરતા કેટલાય શ્રાદ્ધધુઓ માતાના ગરબા અને જ્ય બોલાવતા આવે છે . સેંકડો કિલોમીટર સુધી રસ્તાઓ ભક્તિ ભાવ થી છલકી ઊઠે છે . રસ્તાઓ ઉપર શ્રધ્ધાળુઓ દાતાઓ અને વિવિધ સેવાભાવી સંગઠનો 24 કલાક સેવા કેમ્પો કરીને મફતમાં શ્રધ્ધાળુઓને ભોજન વિશ્રામ અને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવે છેજિલ્લાનું સમગ્ર વહીવટી તંત્ર અને બનાસકાંઠા પોલીસ સ્ટેન્ડ બાય રહી ભાદરવી પૂનમનો મેળો અંબાજી ખૂબ ભક્તિભાવ અને શ્રધ્ધાપૂર્વક સંપન્ન થાય તે માટે અજોડ સેવાઓ આપે છે .
- **ચિત્ર વિચિત્રનો મેળો :** સાબરકાંઠાના પોશીના તાલુકાના ગુણ ભાખરી ગામે હોળી પછીના પંદર દિવસે ભરાય છે . આદિવાસી સમુદાયનો પ્રખ્યાત મેળો છે . મહાભારતના ચિત્રવીર્ય અને વિચિત્ર વીર્યની કથા જોડાયેલી છે .
- **ખોડિયાર આઠમનો મેળો :** મહાસુદ આઠમના રોજ ખોડિયાર જયંતિ ના દિવસે સમી તાલુકાના વરાણા ગામે ખોડિયાર માતાના સ્થાનનકે ખોડિયાર માતાનો મેળો ભરાય છે મહાસુદ એકમથી મહા વદ અમાસ સુધી એક માસ સુધી શ્રધ્ધાળુઓ માતા ના દર્શને આવે છે .તલની સાનીનો પ્રસાદ ચડાવવામાં આવે છે . ગુજરાતનો સૌથી વધુ દિવસ ચાલનારો મેળો છે.

## 9. ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્યના ઉત્તરે આવેલ બનાસકાંઠા જિલ્લો નામાભિકરણ દર્શાવવામાં આવ્યું છે. બનાસકાંઠાનો પુરાતન વારસો તેના લોકો અને લોકસંસ્કૃતિ, અમીરગઢ અને દાંતા તાલુકાની આદિવાસી સંસ્કૃતિ, બનાસકાંઠાના દાંતીવાડામાં આવેલ કૃષિ યુનિવર્સિટી, બનાસડેરી વેગેરેની ઐતિહાસિક વિગતો આપવામાં આવી છે. ઉપરાંત ભાદરવી પૂનમનો મેળો અંબાજી, ચિત્ર વિચિત્રનો મેળો અને ખોડિયાર આઠમનો મેળો એવા ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ એવા બનાસકાંઠાના લોકમેળાઓની ઐતિહાસિક અને સાંસ્કૃતિક દસ્તાજીકરણ કરવામાં આવ્યું છે.

## સંદર્ભસૂચિ


- આચાર્ય કનુ (2008). બનાસની અસ્મિતાનો ઉન્મેષ. અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર પ્રકાશન
- ચુડાસમા, જીતેન્દ્રસિંહ આર. (2015). બનાસકાંઠાના રણવિસ્તારના ગામોની જળસંશાધનની સ્થિતિ અને તેમાં આવેલ પરિવર્તનના કારણો અને અસરોનો અભ્યાસ. કચ્છ: કચ્છ યુનિવર્સિટી
- ઠાકર, કપિલ એમ. (2010). આપણું બનાસકાંઠા, અમદાવાદ: હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર
- ઠાકર, કપિલ (2007). બનાસકાંઠા જિલ્લાની વાવનું ઐતિહાસિક અધ્યયન. અમદાવાદ: ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
- ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ ગં. (2014). ગુજરાત રાજ્ય ગુજરાતનો ઇતિહાસ પ્રાચીન કાલ.અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
- સથવારા, નિધી (2023). હિન્દુ અને નાથ સંપ્રદાયના સ્થાપત્યકિય વારસા તરીકે વણઝારી વાવ, મોડાસા. Researchguru 17 (1): 29-31
- M. Dinesh Kumar, Lokesh Singhal and Pabitra Rath (2004), Value of Groundwater: Case Studies in Banaskantha. Economic and Political Weekly 39 (31): 3498-3503
- Parikh, R. T. (1977). Archaeology of the Banaskantha District North Gujarat upto 1500 A D Part 1. Baroda: Maharaja Sayajirao University of Baroda